કુર્આન–હદીષ તથા સહાબા તેમજ
ઉલમાના કથનોની રોશનીમાં

# નમાઝ છોડવાની ભયાનકતા !


★ લેખક ★

**હઝરત મૌલાના મુહમ્મદ રજબુલ્ કાદરી મિસ્બાહી**

★ અનુવાદક ★

**હઝરત મૌલાના નિઝામુદ્દીન મિસ્બાહી કુરચનવી**

(ખતીબો ઈમામ મસ્જિદે રઝા, બાલાકલાવા, બ્લેકબર્ન–યુ.કે.)



★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**

GRWB/059/Bharuch/02

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨.

પ્રકાશન નં. : ૧૦૯ આવૃત્તિ–૧ પ્રત : ૩૧૦૦
૨૭–રમઝાનુલ મુબારક હિ.સ. ૧૪૨૪ નવેમ્બર–૦૩

નૂરાની આર્ટ, દયાદરા, ફોન નંઈ : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨




## ☆ અનુક્રમણિકા ☆


| ક્રમ | વિગત | પેજ નં. |
|---|---|---|
| ૦૧ | પ્રસ્તાવના.... | ૦૩ |
| ૦૨ | ના'અત શરીફ | ૦૪ |
| ૦૩ | નમાઝનો દીન તથા ઈમાન સાથે સંબંધ શું છે ? | ૦૫ |
| ૦૪ | નમાઝ મુસલમાન તથા કાફિર વચ્ચેની ભેદરેખા છે | ૦૬ |
| ૦૫ | નમાઝ નથી તો દીની જિંદગી પણ નથી | ૦૯ |
| ૦૬ | નમાઝ છોડવાવાળાઓ માટે કુર્આની ચેતવણીઓ | ૦૯ |
| ૦૭ | કઝા નમાઝ વિશે વઈદો (ચેતવણીઓ) હદીષની રોશનીમાં | ૧૧ |
| ૦૮ | કઝા નમાઝના સંબંધથી હુઝૂરનું صلی اللہ تعالیٰ علیہ وسلم એક લાંબુ તથા મુબારક સ્વપ્ન | ૧૧ |
| ૦૯ | બેનમાઝીના કુફ્ર વિશે એક હદીષનો ઉલ્લેખ | ૧૩ |
| ૧૦ | નમાઝ તર્ક કરવાવાળાઓ માટે સહાબાએ કિરામ અને અઈમ્માનાં કથનો | ૧૫ |
| ૧૧ | નમાઝની ફર્ઝિયતનો ઈન્કાર કરવાવાળા માટે હુકમ | ૧૭ |
| ૧૨ | બેનમાઝી માટે શરીઅતનો હુકમ | ૧૭ |
| ૧૩ | નમાઝ પઢવામાં સુસ્તી કરવાથી આવતી મુસીબતો | ૧૮ |
| ૧૪ | દુનિયાની મુસીબતો | ૧૯ |
| ૧૫ | મૌત સમયની મુસીબતો | ૧૯ |
| ૧૬ | કબ્રના અઝાબ | ૨૯ |
| ૧૭ | કયામતની મુસીબતો | ૨૦ |
| ૧૮ | સમય પસાર થઈ ગયા બાદ નમાઝ પઢવાનો અઝાબ | ૨૦ |
| ૧૯ | જાણી જોઈને નમાઝ છોડવાવાળો ઝિના કરનારથી પણ બુરો ! | ૨૧ |
| ૨૦ | નમાઝ પઢવામાં સુસ્તી કરનાર પર કબ્રમાં અઝાબ | ૨૧ |
| ૨૧ | બેનમાઝીના કારણે દુકાળ | ૨૨ |
| ૨૨ | બેનમાઝીને કિયામતના દિવસની મુસીબતો | ૨૨ |
| ૨૩ | વિના કારણે નમાઝ છોડનાર મિલ્લતે ઈસ્લામીથી બહાર | ૨૪ |
| ૨૪ | હઝરત ઉમરનો પોતાના હાકિમોના નામે આદેશ | ૨૪ |
| ૨૫ | નમાઝ છોડવાનાં બુરાં પરિણામ | ૨૫ |
| ૨૬ | નમાઝથી રોકવાવાળો જહન્નમમાં જશે | ૨૫ |
| ૨૭ | નમાઝ છોડવાવાળાની જવાબદારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર નથી | ૨૬ |
| ૨૮ | નમાઝને છોડવી કુફ્ર છે ! | ૨૬ |
| ૨૯ | જમાઅત છોડવાનું પરિણામ | ૨૭ |
| ૩૦ | અઝાન સાંભળીને જમાઅત માટે હાજર થવા વિશે | ૨૮ |
| ૩૧ | જમાઅતમાં સામેલ ન થનાર પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુસ્સો | ૨૯ |
| ૩૨ | જમાઅત છોડવા સંબંધે હઝરાતે સહાબાએ કિરામ અને ફુકહાએ કિરામનાં કથનો.... | ૩૧ |

# પ્રસ્તાવના

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

نحمدہٗ ونصلی علی رسولہٖ الکریم

વર્તમાનકાળનો માનવી દરેક ચીજની પ્રાપ્તિમાં શોર્ટ કટની તલાશમાં રહે છે. દુનિયા કમાવા માટે પણ શોર્ટ કટ શોધે છે વગર મેહનતે અને રાતોરાત ધનવાન, બંગલા, લાડી, વાડી, ગાડીવાળો બની જાઉં ! અને એની તલાશમાં તે ન તો હરામને જુએ છે ન હલાલને ! અને ગમે તે માર્ગે આવે માલને લેવા તૈયાર રહે છે. પણ એક મુસલમાનને આ ચીજ શોભી શકતી નથી ન તો સાચા મુસલમાનમાં આવી વૃત્તિ હોય છે.

જેવી રીતે દુનિયા મેળવવામાં આપણા ભાઈઓ શોર્ટ કટ શોધે છે તેમ આખેરતમાં જન્નત પામવા અને જહન્નમથી નજાત માટે પણ શોર્ટ કટ શોધતા રહે છે ! બુરી સોબતથી કે જાહિલ સૂફીઓ, બેશરઅ પીરોના ફંદામાં ફસાઈને નમાઝ તથા અન્ય નેક અમલોથી બેપરવા બનીને અત્યારના જ જાણે પુલસિરાત પાર કરીને જન્નતના દરવાજે બેઠા હોય એવા ભરમોમાં રાચનારાઓની સંખ્યા પણ કાંઈ ઓછી નથી ! પણ નેક અમલો કરવા અને બુરાઈઓથી બચવું એ દરેક મો'મિમનના માટે અનિવાર્ય ચીજ છે, કોઈ ખોટા ભરમો કામ આવશે નહીં. અને મુસલમાનનો સાચો રહબર તો **કુર્આન તથા હદીષ જ છે, અને એના પર ચાલનારા ઔલિયા તથા ઉલમા જ એના રહબર થઈ શકે છે.** એ સિવાયનો કોઈપણ હોય તે માનવીને ગુમરાહીના માર્ગે અને જહન્નમની કેડી પર દોડાવનારો છે. માટે મુસલમાનોએ સાવધાન થઈને એ બાબતે ગંભીરતાથી વિચારી પોતાની ભલાઈ શામાં છે તે જોવું જોઈએ.

એટલા જ માટે પ્રસ્તુત કિતાબ **"નમાઝ છોડવાની ભયાનક્તા !"** અત્રે રજુ કરવામાં આવે છે જેમાં કુર્આન, હદીષ તેમજ ઉલમા તથા ઔલિયાનાં કથનો વડે બેનમાઝીની દુનિયા તથા આખેરતમાં શું કફોડી સ્થિતિ થાય છે તે દર્શાવ્યું છે. જેના મૂળ લેખક **હઝરત મૌલાના મુહમ્મદ રજબુલ કાદરી મિસ્બાહી મુઝફ્ફપૂરી સાહબ** છે, અને અનુવાદક આપણા જાણીતા માનીતા હોનહાર આલિમે દીન **હઝરત મૌલાના નિઝામુદીન મિસ્બાહી કુરચનવી** છે. આ કિતાબનો ખૂબ ફેલાવો કરો વાંચો અને વંચાવો અને સત્ય માર્ગે મુસલમાનોને લાવવા કોશિશ કરો એ જ વાંચક મિત્રોને અપીલ છે.

તા. ૧૩–૯–૨૦૦૩

–પટેલ શબ્બીર અલી રઝવી





## ★ હય્ય–અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ્ ★

ઈર્શાદે કિબરિયા હૈ યે એલાને મુસ્તફા
હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ્

પૈદા હુએ રસૂલ તો રહમત બરસ પળી
થી આસમાંસે ફર્શ તલક નૂરકી ઝળી
દાઈ હલીમા ગોદમેં લેકર જો ચલી પળી
બીમાર ઊંટની મેં અજબ જાન પળ ગઈ
બાદે સબાને ઝુમકે કાનોંમે યૂં કહા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
★ ★ ★ ★ ★ ★ ★

અર્શો બરી પે રબને બુલાયા હુઝૂરકો
જિબરિલ આએ ઔર જગાયા હુઝૂરકો
અપની રઝા કા જામ પિલાયા હુઝૂરકો
ચલને લગે તો રબને બતાયા હુઝૂરકો
ઉમ્મતસે જા કે કહના યહી તોહફા હૈ મિલા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

મેઅરાજ રૂહે અહલે બસીરત નમાઝ હૈ
અફઝલ તરીન શુગલ સઆદત નમાઝ હૈ
મેરે નબી કી આખોં કી ઠંડક નમાઝ હૈ
મો'મિન કે વાસ્તે તો શહાદત નમાઝ હૈ
યે હૈ કલીમ મઝહરે અલ્તાફે કિબરિયા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ્**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

ઈસ્લામકે અલમ કો ઉઠાયા હુસૈનને
બાતિલ કે આગે સર ન ઝુકાયા હુસૈનને
કયા ચીઝ હૈ નમાઝ બતાયા હુસૈનને
સજદેમેં અપને સરકો કટાયા હુસૈનને
યે દશ્તે કરબલાસે અભી આતી હૈ સદા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

પહોંચા જો ઉનકે દર પે મુકદ્દર સંવર ગયા
મારહરા સે હૈ શહરે બરેલી કા સિલસિલા
બગદાદ સે હૈ શહરે મદીના કા રાસ્તા
ગૌષુલ વરા કે નામ સે દિલ કો સૂકું મિલા
જિબરિલ આએ નસ્બ અલમ કા'બે પર કિયા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
★ ★ ★ ★ ★ ★ ★

પહોંચા જો ઉનકે દર પે મુકદ્દર સંવર ગયા
મારેહરા સે હૈ શહરે બરેલી કા સિલસિલા
અજમેર સે હૈ શહેર મદીના કા રાસ્તા
ખ્વાજા પીયા કે નામ સે દિલ કો સૂંકુ મિલા
અજમેર આકે ખ્વાજાને એલાન યે કિયા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

યા રબ મેરા નસીબ ચમકતા દિખાઈ દે
આંખો કો બંધ કરું તો મદીના દિખાઈ દે
સજદા જહાં કરૂં વહાં કા'બા દિખાઈ દે
સર જો ઉઠેં તો ગુંબદે ખઝરા દિખાઈ દે
અબ હો મેરી ઝબાન પે બસ એક હી સદા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

દાળ્હી તમામ નબીયોંકી સુન્નત હૈ મો'મિનો
ઈસ્લામકા શિઆર હૈ રહમત હૈ મો'મિનો
સરકાર કી ગુલામીકી નિસ્બત હૈ મો'મિનો
સુન્નત પે જો ચલા ઉસે જન્નત હૈ મો'મિનો
જન્નતમેં ભી મિલેગા તુમ્હેં કુર્બે મુસ્તફા
**હય્ય અલસ્સલાતિ હય્ય અલ્લ–ફલાહ્**
☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نحمدهٗ ونصلی علی رسولهٖ الكريم

## ★ નમાઝનો દીન તથા ઈમાન સાથે સંબંધ શું છે ? ★

ઈસ્લામ એક કામિલ દીન છે જેની તાલીમાત કિયામત સુધી ઈન્સાનિયતની રહબરી તથા માર્ગદર્શન કરતી રહેશે. એમાં દરેક તરસ્યાની તૃપ્તિનો સામાન છે, બેકરાર રૂહોનો કરાર, અજંપાવાળા જીવોની તસલ્લી તથા બેનૂર દિલોના માટે રોશની છે.

તૌહીદ તથા રિસાલતની શહાદત પછી ઈસ્લામના ચાર મહત્વના સ્તંભો છે. સૌ પ્રથભ સ્તંભ નમાઝ છે. ધામિર્ક જિંદગી સાથે નમાઝનો સંબંધ કેટલો કાયમી જોડાણવાળો છે એનો અંદાજો લગાડવાના માટે એટલું જ બહું છે કે નમાઝ વિના ન રાત પસાર કરી શકીએ છીએ ન દિવસ. જ્યારે કે અન્ય ઈબાદતોનો સંબંધ એટલો સતત જોડાણવાળો નથી. દા.ત. રોઝા વરસમાં કેવળ એક જ મહીના માટે ફર્ઝ છે અને ઝકાત વરસમાં કેવળ એક જ વાર અને હજ્જ દૌલત તથા શક્તિના પ્રમાણે જીવનમાં કેવળ એક જ ફર્ઝ છે.

પરંતુ નમાઝનો મામલો એવો નથી, નમાઝ દરરોજ ફર્ઝ છે, રાત્રે અને દિવસે પણ, સવારે અને સાંજે પણ સફરમાં પણ અને ઉતારા પર પણ, તંદુરસ્તીમાં પણ અને બીમારીમાં પણ. નમાઝના આ મહત્વને જાહેર કરવાના માટે હદીષે પાકમાં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :– "દરેક ચીજની એક નિશાની હોય છે અને ઈમાનની નિશાની નમાઝ છે." *(મુનિયતુલ મુસલ્લા મઅ તઅલીકુલ મુજલ્લા, પેજ–૧૫)*





અને બીજી હદીષ છે : "નમાઝ દીનનો સ્તંભ છે જેને એણે કાયમ કર્યો તેણે દીનને કાયમ કર્યો અને જેણે એને પાડી નાખ્યો તેણે દીનને પાડી નાખ્યો." *(હવાલો ઉપર મુજબ)*

આ દર્શાવેલ હદીષોની રોશનીમાં એ હકીકત ચમકતા સૂરજની જેમ સ્પષ્ટ થઈ જાય છે કે **નમાઝનો સંબંધ કેવળ અમલ સાથે જ નથી બલ્કે દીન તથા ઈમાન સાથે છે.** એક બેનમાઝી મુસલમાન જો કે કહેવાને માટે તો મુસલમાન છે, પરંતુ નિશાની વિનાનો મુસલમાન એવો છે જાણે કે કોઈ માણસને ચહેરા મોહરા વિના માણસ કહેવામાં આવે.

આ સંક્ષિપ્ત પ્રસ્તાવનાથી જાણવા મળ્યું કે ઈમાન તથા અકીદાની દુરુસ્તગી પછી નમાઝ તમામ ફર્ઝોમાં મહત્વનો તથા મહાન ફર્ઝ છે. કુર્આને મુકદ્દસ તથા હદીષે રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم તેના મહત્વના લખાણોથી લબરેઝ છે, ઠેક ઠેકાણે તેની તાકીદ આવેલી છે અને તેને ત્યજનારાઓ માટે ધમકીઓ આવેલી છે, જેને વાંચ્યા પછી શરીરની રુવાંટી ખડી થઈ જાય છે અને કિયામતની ભયાનકતાઓ નજરોમાં ઘુમવા લાગે છે. નમાઝ ત્યજનારાઓ માટે કુર્આનમાં ધમકી રૂપે ક્યાંક **ગૈય** શબ્દ વપરાયો છે તો ક્યાંક **વેલ** શબ્દ આવ્યો છે, સારાંશ કે નમાઝ ત્યજનારાઓનો અંજામ કિયામતના દિવસે ખૂબ જ ભયાનક થશે. ખુદાની પનાહ !

## ★ નમાઝ મુસલમાન તથા કાફિર વચ્ચેની ભેદરેખા છે ★

રાત દિવસમાં મુસલમાનોનો કોઈ ન કોઈ જાહેરી અમલ એવો હોવો જોઈએ જે મુસલમાનોને ગૈર મુસ્લિમોથી અલગ કરે અને નમાઝની અદાયગીમાં આ વિશિષ્ટતા ઉત્તમ કક્ષાએ જોવા મળે છે જેથી નમાઝ જ ઈસ્લામની ભેદરેખા છે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે કુફ્ર તથા ઈસ્લામના વચ્ચે તફાવત કરનાર અમલ કેવળ નમાઝ જ છે. દુનિયાના અન્ય જેટલા મઝહબોને માનવાવાળા છે જેમ કે હિંદુ, શીખ, ઈસાઈ વગેરે એમાં જરૂર કોઈ ન કોઈ વાત મળતી જુલતી છે. દા.ત. જૂઠને તમામ ધર્મોએ

બુરુ કહ્યું છે, પરંતુ એમાં ખબર નથી પડતી કે કોણ સાચુ બોલી રહ્યું છે અને કોણ જૂઠુ, પરંતુ ઈસ્લામ અને કુફ્રની વચ્ચે તફાવત દર્શાવનારી ચીજ કેવળ નમાઝ છે કે એ મુસલમાન સિવાય કોઈ પઢતુ નથી. એ જ કારણે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ નમાઝ ત્યજવા પર ખૂબ જ કડક શબ્દો કહ્યા છે, એટલે સુધી કે નમાઝ છોડવાને કુફ્ર સમાન અમલ ઠરાવ્યો છે ! હદીષમાં છે :–

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને શકીકથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબા અમલોમાંથી કોઈ ચીજને ત્યજવાને કુફ્ર ખયાલ કરતા ન હતા સિવાય નમાઝના." *(રિવાયત કરી તિર્મિઝીએ, મિશ્કાત શરીફ, પેજ–૫૯)*

અને એ વાત પણ છે કે ઈસ્લામ પોતાની વિશેષ અનોખી શાન ધરાવે છે જેથી તેને માનવાવાળાઓની ઓળખ અલગ રહે અને એ ચીજથી તેનું મુસલમાન હોવું જાહેર રહે અને એ વાત સમજમાં પણ આવે છે કે નમાઝ જ તે ચીજ છે જે મુસલમાનોની મુસલમાની જાહેર કરે છે, જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે બંદાઓ (મુસલમાન) અને કાફિરના વચ્ચે નમાઝ જ એક ઉઘાડો તફાવત છે, કેમ કે મુસલમાન નમાઝ પઢે છે અને કાફિર નથી પઢતા. એના સંબંધે આ હદીષ છે :–

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : બંદા અને કુફ્ર વચ્ચે (ફરક) નમાઝનું ત્યજી દેવું છે." (મુસ્લિમની રિવાયતથી મિશ્કાત, પેજ–૫૮)

શરૂ શરૂમાં જ્યારે ઈસ્લામ ફેલાયો તો તે વખતે મુસ્લિમો અને મુશ્રિકો વચ્ચે નમાઝ જ ભેદરેખા હતી, કેમ કે હજ્જ મુશ્રિકો પણ કરતા હતા બલ્કે તેઓ એના આદી હતા અને એ જ વાત ઝકાતની અંદર પણ જોવા મળે છે, કેમ કે અરબો ઘણા જ ઉદાર દિલ હતા અને મુનાફિકો એને અદા કરવામાં કોઈ કસર છોડતા ન હતા. ગરીબો તથા ફકીરોને ખૂબ આપ્યા કરતા હતા. અને રોઝામાં પણ છુપાઈ છુપાઈને ખાઈ શકાય છે. સારાંશ કે એ સર્વ વાતોને સામે રાખીને એ વાત સ્પષ્ટ થઈ જાય છે કે કાફિરો તથા મુસલમાનોમાં નમાઝ જ દીનની એક એવી બુનિયાદ હતી જેને દરેક શખ્સ મુસલમાનોમાં દિવસના કોઈ પણ પ્રસંગે





અદા કરતો જોઈ શકતો હતો એટલા માટે નમાઝ મુસલમાનોની વિશિષ્ટ નિશાની છે. અને નમાઝથી મુનાફિકોની પણ ઓળખ થઈ જાય છે. કેમ કે તેઓ સર્વ નમાઝો તો પઢી શકતા પરંતુ ફજર અને ઈશા તેમને ખૂબ જ અઘરી લાગતી હતી ! એના પરથી તેઓ ઓળખાઈ જતા હતા. કુર્આનનું ફર્માન છે :–

"બેશક ! મુનાફિક લોકો પોતાના ગુમાનમાં અલ્લાહને ધોકો આપવા ચાહે છે અને તે જ એમને ગાફેલ કરીને મારશે અને જ્યારે નમાઝ માટે ઉભા થાય તો હારેલા જીવ સાથે લોકોમાં દેખાડો કરે છે અને અલ્લાહને યાદ નથી કરતા પણ થોડો." *(કન્ઝુલ ઈમાન)*

إِنَّ الْمُنَافِقِينَ يُخَادِعُونَ اللَّهَ وَهُوَ خَادِعُهُمْ وَإِذَا قَامُوا إِلَى الصَّلَاةِ قَامُوا كُسَالَىٰ يُرَاءُونَ النَّاسَ وَلَا يَذْكُرُونَ اللَّهَ إِلَّا قَلِيلًا ۝

કિયામતના દિવસે નમાઝના જ આધારે કામયાબી તથા નાકામીનો ફેંસલો થશે.

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : "કિયામતના દિવસે બંદાઓના અમલોમાં સૌ પ્રથમ નમાઝની જાંચ કરવામાં આવશે, જો તે ઠીક નીકળી તો બંદો કામયાબ તથા બામુરાદ થશે. જો તેની નમાઝો ખરાબ નીકળી તો નામુરાદ તથા નુકસાનમાં રહેશે." (તિર્મિઝી)

એક અન્ય રિવાયતમાં છે :–

"અને જો તે સારી અને સંપૂર્ણ નીકળી તો બાકીના અમલો પણ પૂરા ઉતરશે અને જો તે ખરાબ નીકળી તો બાકી અમલો પણ ખરાબ અને નકામા નીકળશે." *(તિબ્રાની)*

**ચેતવણી** : મતલબ એ છે કે જેવી રીતે ડોકટર નાડી વડે શરીરતંત્રની શક્તિ તથા અશિક્તનું કારણ જાણી લે છે એ જ પ્રમાણે કિયામતના દિવસે દરેક શખ્સની નમાઝના કમાલ તથા નુકસાન વડે તેની આખી જિંદગીનો કમાલ તથા નુકસાન જણાઈ જશે.

## ★ નમાઝ નથી તો દીની જિંદગી પણ નથી ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે : ''નમાઝ વિના દીન નથી. દીનમાં નમાઝનો દરજો તે જ છે જે માણસના શરીરમાં માથાનો છે.'' *(દુર્રે મન્સૂર)*

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો કે, ''ઈસ્લામમાં તેનો કાંઈ પણ હિસ્સો નથી જે નમાઝ ન પઢતો હોય.''

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! અહીં સુધી તો વર્ણન થયું કે નમાઝ શું છે ? નમાઝ કયા મકસદના માટે કાયમ થઈ અને નમાઝની હકીકત શું છે ? જેમ કે આપે ઉપરોક્ત લખાણોમાં એનો અભ્યાસ કર્યો કે નમાઝથી જ દીન છે, નહીં તો નથી. બલ્કે તમે અનુમાન કરશો તો એ જ જણાશે કે આખી જિંદગીનો સાર જ નમાઝ છે. નમાઝ વિના કોઈ છૂટકારો નથી, અને ન તો તેના વિના કોઈ નેકી કબૂલને પાત્ર છે જેની સ્પષ્ટતા ખૂદ ખાલિકે કાયનાત ફર્માવે છે :–

وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ

''અને મેં જિન તથા માણસ એટલા માટે જ બનાવ્યા કે મારી બંદગી કરે.'' (પારહ–૨૮, રુકૂઅ–૨, આ. ૫૫–કન્ઝુલ ઈમાન)

પરંતુ આપણે તેની તિલાવત કરવા છતાં નથી સમજી શક્તા કે આપણે શું કરવાનું છે ! તો આવો ! આ મહત્વના તથા મહાન ફર્ઝ નમાઝના ત્યજવા વિશે વિચાર કરીએ કે તેનો અંજામ કેટલો ભયાનક છે અને નમાઝના ત્યજનારાઓ માટે કુર્આન તથા હદીષમાં કેટલા અંશે સખ્ત ચેતવણીઓ આવી છે :–

## ★ નમાઝ છોડવાવાળાઓ માટે કુર્આની ચેતવણીઓ ★

નમાઝ ત્યજનારાઓ બાબતે કુર્આનનો આ ઈર્શાદ છે :–





وَاِنَّهَا لَكَبِيْرَةٌ اِلَّا عَلَى الْخٰشِعِيْنَ

'' નમાઝ અઘરી છે પણ ખુશૂઅ કરવાવાળાઓ પર.''

અને બીજા ઠેકાણે ઈર્શાદ ફર્માવ્યો :–

فِيْ جَنّٰتٍ يَتَسَآءَلُوْنَ عَنِ الْمُجْرِمِيْنَ مَا سَلَكَكُمْ فِيْ سَقَرَ قَالُوْا لَمْ نَكُ مِنَ الْمُصَلِّيْنَ

''બાગોમાં (જન્નતવાળા) પૂછે છે ગુનેહગારોને કે તમને કઈ ચીજ જહન્નમમાં લઈ ગઈ ? તેઓ બોલશે અમે નમાઝ પઢતા ન હતા.'' *(સૂરએ મુદષ્ષિર, પારા–૨૯)*

અને ઈર્શાદ ફર્માવ્યો :–

فَخَلَفَ مِنْ بَعْدِهِمْ خَلْفٌ اَضَاعُوا الصَّلٰوةَ وَاتَّبَعُوا
الشَّهَوٰتِ فَسَوْفَ يَلْقَوْنَ غَيًّا

''તેમના પછી તેમના સ્થાને તે કપૂતો આવ્યા જેમણે નમાઝો ત્યજી દીધી અને પોતાની મનેચ્છાઓ પાછળ પડયા, તો નજીકમાં જ તેઓ દોઝખમાં **ગય્ય**ના કૂવા (જંગલ) પામશે. *(સૂરએ મરયમ, પારા–૧૬, આ. ૫૯)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! **''ગય્ય''** જહન્નમમાં એક કૂવો છે જેનું નામ **હબહબ** છે. જહન્નમની આગ ઓલવાવા માંડે છે તો અલ્લાહ તબારક વ તઆલા તે કૂવાને ખોલી દે છે જેનાથી રાબેતા મુજબ તે ભડકતી થઈ જાય છે.

સારાંશ કે નમાઝ છોડનારનો હાલ હશ્રના દિવસે ઘણો જ બુરો થશે જેમ કે કુર્આની આયતોથી સ્પષ્ટ છે. પછી આગળ ઈર્શાદ થાય છે :–

كُلَّمَا خَبَتْ زِدْنٰهُمْ سَعِيْرًا

''જ્યારે કદી ઓલવાવા માંડશે અમે તેને ઓર ભડકાવીશું.''

*(કન્ઝુલ ઈમાન, પારા–૧૫, આ. ૯૭)*

આ કૂવો બેનમાઝીઓ, ઝાનીઓ (વ્યભિચાર કરનારા),

વ્યાજખાનારાઓ તથા મા બાપને તકલીફ આપનારાઓ માટે છે.

## ★ કઝા નમાઝ વિશે વઈદો (ચેતવણીઓ) હદીષોની રોશનીમા ★

હવે અહીંથી કઝા નમાઝો વિશે હદીષો રજૂ કરવામાં આવે છે.

સહીહ ઈબ્ને હિબાનની રિવાયત છે કે જેની નમાઝ કઝા થઈ ગઈ તો જાણે તેનો માલ અને ઘર–કુટુંબ બરબાદ થયાં.

હાકિમની રિવાયત છે કે જેણે શરઈ કારણ વિના બે નમાઝોને ભેગી કરી તો તે ગુનાહે કબીરાના દરવાજામાં દાખલ થયો.

સિહાહ સિત્તાની રિવાયત છે કે જેની અસરની નમાઝ કઝા થઈ તો જાણે તેના અહલો અયાલ (બાલ બચ્ચાં) અને માલ બરબાદ થઈ ગયાં. *(મુકાશિફતુલ્ કુલૂબ, પાન–૩૮૪)*

## ★ કઝા નમાઝના સંબંધથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું એક લાંબુ અને મુબારક સ્વપ્ન ★

બુખારી શરીફમાં હઝરત સુમરા જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم પોતોના સહાબાએ કિરામને ફર્માવતા હતા કે તમારામાંથી કોઈએ સ્વપ્નુ જોયું છે ? જોયું હોય તો વર્ણન કરો. હુઝૂરના ઈર્શાદ પ્રમાણે લોકો સ્વપ્નાં સંભળાવતા હતા. એક સવારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અમને બતાવ્યું કે : મારી પાસે બે માણસો આવ્યા અને તેમણે મને જગાડીને કહ્યું કે અમારી સાથે ચાલો. હું તેમની સાથે ચાલી નીકળ્યો, ત્યાં સુધી કે અમે એક એવા માણસને જોયો જે સૂતેલો હતો અને બીજી એક વ્યક્તિ ભારે પથ્થર લઈને ઉભી હતી. જ્યારે તે ભારે પથ્થર પેલા સૂતેલા માણસના માથા ઉપર મારતો તો તે સૂતેલા માણસનું માથું છુંદાઈને કુચ્ચે કુચ્ચા થઈ જતું. જ્યારે તે પથ્થર ઉઠાવી લે છે ત્યારે તેનું માથું ફરીથી અસલ સ્થિતિમાં આવી જતું. ફરીથી તે માણસ પેલા માણસના માથા પર પથ્થર





મારે છે તો ફરીથી પહેલાંની જેમ તેના માથાના કુચ્ચે–કુચ્ચા થઈ જતા. હુઝૂર ફર્માવે છે કે મેં એ બે માણસોને કહ્યું : સુબ્હાનલ્લાહ ! આ શું છે ? તેમણે કહ્યું, હજુ વધુ આગળ–આગળ ચાલો. જ્યારે આગળ વધ્યા તો જોયું કે એક માણસ ચત્તો સૂતેલો છે અને બીજો હાથમાં લોખંડની સાણસી લઈને ઉભો છે (સાણસી હિન્દી શબ્દ છે લુહારોનું ઓજાર) તે સૂવાવાળાના મોઢાની એક બાજુને (હોઠના એક ભાગને) સાણસીથી પકડીને ખેંચે છે. બીજા પણ જાતજાતના અઝાબ આપે છે. તેનું નાક અને આંખોને પણ પકડીને ખેંચે છે. મતલબ કે તેના મોઢાને આમતેમ ફાડીને બરબાદ કરી નાંખે છે. ફરી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સવાલ કર્યો કે આ શું છે ? તો એમણે કહ્યું કે હજુ આગળ ચાલો. *(અલ્ હદીષ)*

મતલબ કે આ જ પ્રમાણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૂબ લાંબુ સ્વપ્નું બયાન કર્યું. જેમાં જુદી જુદી વસ્તુઓ માટે જુદા જુદા અઝાબોનું વર્ણન હતું. વર્ણન ઘણુ લાંબુ થઈ જવાને કારણે એને ટૂંકાવું છું. આ બધી હકીકત પછી જેમને હુઝૂરે સ્વપ્નામાં જોયા હતા બયાન કર્યા પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે બંનેને પૂછયું : આજે રાતે મેં આશ્ચર્યજનક કિસ્સાઓ જોયા છે. આ જે વસ્તુઓ મેં જોઈ તે શું છે ? એ બંને ફરિશ્તઓએ કહ્યું : અમો તમને હમણાં જ કહીએ છીએ. પ્રથમ જે માણસને તમે જોયો કે તેનું માથું પથ્થરથી ફોડવામાં આવી રહ્યું હતું તે એવો માણસ હતો જેણે કુર્આન પઢીને તેનો અમલ ન કર્યો અને ફર્ઝ નમાઝો છોડીને સૂઈ રહેતો હતો અને સમયસર પઢતો ન હતો.

બઝ્ઝારની રિવાયતમાં આ પ્રમાણે છે કે પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એવા લોકો પાસેથી પસાર થયા જેઓના માથા પથ્થરથી ફોડવામાં આવી રહ્યાં હતાં. જ્યારે તેના ટુકડે ટુકડા થઈ જતા તો ફરીથી મૂળ સ્થિતિમાં આવી જતા અને આ જ અઝાબ સખ્ત તેમને આપવામાં આવી રહ્યો છે. આપે ફર્માવ્યું : જિબ્રઈલ علیہ السلام આ કોણ લોકો છે ? કહ્યું : આ તે લોકો છે જેઓનું માથુ નમાઝથી ભારે થઈ જતું હતું એટલે નમાઝ પઢતા ન હતા. *(મુકાશિફતુલ્ કુલૂબ, પાન–૩૮૫ અને તવારીખે હબીબે ઈલાહ)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જોયું તમોએ કે ફક્ત નમાઝ કઝા થવા પર આવા અઝાબ આપવામાં આવે છે અને જેઓ કદી પણ પઢતા જ નથી અલ્લાહ ! અલ્લાહ ! તેઓનો શું હશ્ર થશે ?! કઝા નમાઝ બાબતે ઘણી જ હદીષો છે જેમાંથી કેટલીક ઉપર બયાન કરી અને કેટલીક હવે રજૂ કરું છું.

શાફઈ અને બયૂહકીની રિવાયત છે કે જેની એક વખતની નમાઝ છૂટી ગઈ (કઝા થઈ) તો જાણે તેનું કુટુંબ અને માલ બરબાદ થયો. મુસ્નદે અહમદ અને ઈબ્ને અબી શયબાની રિવાયત છે કે જેણે અસરની નમાઝ છોડી દીધી, જાણી જોઈને બેસી રહ્યો ત્યાં સુધી કે નમાઝ કઝા થઈ ગઈ તો નિઃશંક ! તેનો અમલ તબાહ બરબાદ થઈ ગયો. *(મુકાશિફતુલ્ કુલૂબ, પાન–૩૮૫)*

વહાલા ઈસ્લામી ભાઈઓ ! આ હદીષો જે તમે વાંચી તે એ લોકોના વિશે હતી જેઓ વિના કારણે (જાણી જોઈને) નમાઝ કઝા કરે છે તેના પર તેઓને આ રીતે ભયંકર રીતે ડરાવવામાં આવી રહ્યા છે અને તેમના માટે બધી રીતે બરબાદીના પરિણામનો સંદેશો મળી રહ્યો છે. થોડુંક એ લોકો વિચારે જેઓ બાલિગ થયા પછીથી નમાઝ જ નથી પઢતા અને પોતાને નમાઝ (ઈબાદત)થી અલગ સમજે છે, તેમની શું સ્થિતિ હશે. તેઓ જરા પોતાની છાતી પર હાથ રાખીને વિચારે. અલ્લાહ ! અલ્લાહ ! કેવો સમય આવી ગયો છે ! મુસલમાનો ! આ બધી આયતો અને હદીષો પઢીને કેમ સબક (બોધ) મેળવતા નથી ?! હવે પછી હું આ જ પ્રમાણે હદીષો અને કિસ્સાઓ રજુ કરીશ તે વાંચીને તમે જાતે જ સમજી જશો કે બેનમાઝીનો શું હશ્ર થશે.

## ★ બેનમાઝીના કુફ્ર વિશે એક હદીષનો ઉલ્લેખ ★

**(અર્થ)** : હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : બંદા ! (મુસલમાન) અને કુફ્રના વચ્ચે નમાઝ છોડવું જ છે. આ હદીષ વિશે અલ્લામા મુફ્તી અહમદ યારખાં رحمۃ اللہ علیہ લખે છે કે આ હદીષનો અર્થ એ છે કે બંદા ! મો'મિન અને કુફ્રની વચ્ચે ફક્ત નમાઝની





દીવાલ આડી છે જે કુફ્રને એ સમય સુધી નથી પહોંચવા દેતી જ્યાં સુધી તેની આડ હતી. જો નમાઝની દીવાલ હટી ગઈ તો કુફ્રનું પહોંચવું સહેલું થઈ ગયું. ડર છે કે એ માણસ કુફ્ર પણ કરી બેસે. (મઆઝલ્લાહ !) ખ્યાલ (ધ્યાન) રાખો કે અમુક ઉલ્માએ કિરામ નમાઝ છોડવાને કુફ્ર પણ કહે છે. કેટલાકના નઝદીક કતલને લાયક છે ભલે તે કાફિર નથી થતો, જેવી રીતે ઉપર બયાન થયું. પરંતુ આપણા ઈમામે આઝમ رضی اللہ عنہ ની નઝદીક બેનમાઝીને મારવામાં આવે ને જેલમાં પૂરી દેવામાં આવે ત્યાં સુધી કે તે નમાઝી ન બની જાય. આપણે ત્યાં (હન્ફી મસ્લકમાં) આ હદીષનો અર્થ એ છે કે બેનમાઝી કુફ્રની નઝદીક છે અથવા તેના કુફ્ર પર મરવાનો ભય છે. આ હદીષના બીજા પણ અનેક અર્થ નીકળે છે. પરંતુ શું એ ઓછું છે કે બેનમાઝી માટે અનેક આયતો અને હદીષો આવી છે. એ જરૂરી છે કે આપણે નમાઝના એવા પાબંદ બની જઈએ કે આ કથનો આપણને લાગુ ન પડે. એના સંબંધે બીજી હદીષો જોઈએ :–

**(અર્થ)** : રિવાયત છે કે હઝરત બુરીદાથી ઈર્શાદ ફર્માવ્યો રસૂલે ખુદા صلی اللہ تعالیٰ علیہ وسلم એ કે જે વસ્તુ આપણા અને એ લોકો (કાફિરો)ના વચ્ચે છે તે નમાઝ છે, તો જેણે તેને (નમાઝને) છોડી દીધી નિઃશંક ! કુફ્ર કર્યું. *(મિર્અતુલ મનાજેહ)*

નમાઝ છોડવાવાળા વિશે સાહિબે નુરૂલ ઈઝાહ અલ્લામા શરનબુલાલી علیہ رحمۃ اللہ الوالی એ આ બધાનું તારણ પોતાની અરબી ઈબારતમાં ઘણી જ સુંદર રીતે બયાન કર્યું છે.

**(અર્થ)** : જાણી જોઈને અને સુસ્તીના કારણે નમાઝ છોડવાવાળાને ખૂબ માર મારવામાં આવે ત્યાં સુધી કે લોહી વહી જાય અને જેલમાં પૂરી દેવામાં આવે ત્યાં સુધી કે તે નમાઝ ન બની જાય. *(પેજ–૯૧)* આ દુનિયાની સજા (અઝાબ) છે આખેરતમાં જે અઝાબ થશે તે આ સજાથી માફ નહીં થાય.

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જોયું તમે કેટલી સખત રીતે ઉપરોક્ત ઈબારત રજુ કરી છે. જે લોકો ગફલતમાં છે તેઓ જરા (થોડુ) પણ વિચારતા

નથી કે આપણે આ ફાની (ફના થનારી) દુનિયાથી જવાનું છે કે નથી ?! જો વિચારતા હોત તો જરૂર નમાઝના પાબંદ થઈ જાત. અને સર્વ પ્રથમ નમાઝનો સવાલ થશે તો હશ્રના દિવસે થનાર આ સવાલના જવાબની તૈયારી કરતા. પરંતુ એ નફસોનો શું ઈલાજ કે તેના ધોખાથી બચવું સહેલું નથી. આવો હવે આગળ જોઈએ કે બેનમાઝીના સંબંધે સહાબાએ કિરામ તથા ઈમામો رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن શું ફર્માવે છે :–

## ★ નમાઝ તર્ક કરવાવાળાઓ માટે સહાબાએ કિરામ અને અઈમ્માના કથનો ★

હઝરત અલી كَرَّمَ اللّٰهُ تَعَالٰی وَجْهَهُ الْكَرِیْم બેનમાઝી વિશે ફર્માવે છે : જે નમાઝ ન પઢે તે કાફિર છે. *(બહવાલા ઈબ્ને અબી શયબા અને બુખારી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِیَ اللّٰهُ عَنْهُمَا ફર્માવે છે કે : જેણે નમાઝ છોડી દીધી તે કાફિર થઈ ગયો.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رَضِیَ اللّٰهُ عَنْهُمَا ફર્માવે છે : જેણે નમાઝ છોડી દીધી તેનો કોઈ (ધર્મ) નથી. *(બહવાલા મરવઝી)*

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رَضِیَ اللّٰهُ عَنْه ફર્માવે છે : બેનમાઝી કાફિર છે. *(બહવાલા અબૂ ઉમર)*

હઝરત અબૂ દરદાહ્ رَضِیَ اللّٰهُ عَنْه ફર્માવે છે : બેનમાઝી માટે ઈમાન નથી. *(બહવાલા અબી અબ્દુલ્લાહ)*

હઝરત ઈમામ ઈશ્હાક ફર્માવે છે : સૈયદે આલમ صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْهِ وَسَلَّم થી સારી રીતે સાબિત થયું કે હુઝૂરે નમાઝ છોડનારને કાફિર કહ્યો અને હુઝૂરના ઝમાનાથી ઉલ્માએ કિરામનો એ જ મત છે કે જે માણસ જાણી જોઈને કોઈ શરઈ કારણ વિના નમાઝ છોડે ત્યાં સુધી કે સમય પસાર થઈ જાય તો કાફિર છે. આ જ પ્રમાણે ઈમામ ઐયૂબ સખ્તયાનીથી રિવાયત છે કે : નમાઝને છોડવી વિના વિરોધે કુફ્ર છે. ઈબ્ને હઝમથી બયાન છે : હઝરત અમીરુલ મો'મિનીન ઉમર ફારૂકે આ'ઝમ رَضِیَ اللّٰهُ عَنْه અને હઝરત અબ્દુર્રહમાન





બિન ઔફ તેમજ હઝરત મઆઝ બિન જબલ તેમજ હઝરત અબૂ હુરૈરહ્ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن વગેરે અસ્હાબે રસૂલુલ્લાહ رَضِیَ اللّٰهُ عَنْه થી રિવાયત છે કે : જેણે એક વખતની નમાઝ જાણી જોઈને છોડી એટલે સુધી કે તે નમાઝનો સમય પસાર થઈ ગયો તે કાફિર અને મુર્તદ છે. ઉપરની રિવાયતમાં આ સહાબાઓની વિરૂધ્ધમાં કોઈનો કોલ જાણવા નથી મળ્યો છેવટ સુધી. અને આ જ પ્રમાણેનો મઝહબ હાકિમ ઈબ્ને ઉતયબા, અબૂદાઉદ તયાસી, અબૂ બક્ર ઈબ્ને શયબા, ઝહીર ઈબ્ને હરબ અને ચાર ઈમામોથી હઝરત સયફુસ્સુન્નહ્ ઈમામ અહમદ બિન હમ્બલ અને આપણા હન્ફી ઈમામોમાંથી ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક (હઝરત ઈમામે આઝમના શાગિર્દ) તથા આપણા ઈમામના ઉસ્તાઝુલ અસાતઝા ઈમામ ઈબ્રાહીમ નખઈ વગેરે ઈમામો رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن છે. *(માખુઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૨, સફા નં. ૨૨૬, ૨૨૭)*

સદરુશ્શરીઅહ્ (બહારે શરીઅતના લેખક) ઈર્શાદ ફર્માવે છે : નમાઝ ફર્ઝે ઐન છે તેની ફર્ઝિયતનો જે ઈન્કાર કરે તે કાફિર છે અને જે જાણીબુઝીને એક નમાઝને પણ છોડે તે ફાસિક છે અને જે નમાઝ ન પઢતો હોય તેને કેદ કરવામાં આવે ત્યાં સુધી કે એ તૌબા કરી લે અને નમાઝ પઢવાનું શરૂ કરી દે. એટલે સુધી કે ત્રણ ઈમામો, ઈમામ માલિક, ઈમામ શાફઈ અને ઈમામ અહમદ ઈબ્ને હમ્બલના નઝદીક તો બેનમાઝીને તો બાદશાહે ઈસ્લામે કતલ કરવાનો હુકમ છે. *(બહારે શરીઅત, ભાગ–૩, પેજ–૧૦, બહવાલા દુર્રે મુખ્તાર)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જોયું તમે સહાબાએ કિરામના કેટલા સખ્ત કથનો છે નમાઝ તર્ક કરવાવાળાઓ માટે. જો હજુ પણ આપણી આંખો ન ખુલે તો આને નફ્સની બુરાઈ સિવાય શું કહેવાય ? એ અલગ બાબત છે કે આપણા ઈમામ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رَضِیَ اللّٰهُ عَنْه અને બીજા મોટા મોટા સહાબાએ કિરામ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَیْهِمْ اَجْمَعِیْن બેનમાઝીની તકફીર નથી કરતા (કાફિર નથી કહેતા) તો પણ શું આ ઓછું છે કે ઘણા મોટા મોટા સહાબાએ કિરામ અને ઈમામોના નજીક નમાઝને છોડવાવાળી વ્યક્તિ કાફિર છે.

## ★ નમાઝની ફર્ઝિયતનો ઈન્કાર કરવાવાળા માટે હુકમ ★

અહીં સુધી તો તમોએ જાણ્યું કે નમાઝને ન પઢવી અથવા અબાધિત છોડી દેવી અથવા કઝા કરવી એ બધાનો શું હકમ છે. હવે અમે તેની ફર્ઝિયતના ઈન્કાર કરનારા માટેનો હુકમ બયાન કરીએ છીએ જેથી એનો પણ અંદાઝો મળે કે તેના મુન્કિરનો શું હુકમ છે. જો કોઈ શખ્સ નમાઝની ફર્ઝિયતનો ઈન્કાર કરી નમાઝો છોડી રહ્યો છે તો તે કાફિર થઈ જાય છે અને એને કતલ કરવો વાજિબ થઈ જાય છે. ઈમામ અહમદ બિન હમ્બલ رضی اللہ عنہ ના મઝહબ પ્રમાણે જો કોઈ શખ્સ નમાઝને ફર્ઝ માને છે પરંતુ લાપરવાહી અને સુસ્તીને લીધે છોડી દીધી, નમાઝ માટે તેને પુકારવામાં આવ્યો, પણ તે ન આવ્યો અને તે નમાઝ પછીની નમાઝનો સમય પણ પૂરો થવા આવ્યો તે સમયે એ શખ્સ પણ કાફિર થઈ જશે, અને બંને હાલમાં તેના પર મુર્તદનો હુકમ લાગશે. ત્રણ દિવસ સુધી તેને તૌબા કરાવવામાં આવશે. ત્યાર બાદ પણ તે તૌબા ન કરે તો તેને તલવારથી કતલ કરવામાં આવે, તેનો માલ કબજે કરીને બયતુલ માલ (મુસલમાનો માલ જ્યાં ભેગો કરે તે)માં મૂકી દેવામાં આવે અને તેના જનાઝાની નમાઝ પણ પઢવામાં ન આવે અને ન તેને મુસલમાનોના કબ્રસ્તાનમાં દફનાવવામાં આવે. *(ગુન્યતુત્તાલેબીન, પેજ–૫૧૫)*

## ★ બેનમાઝી માટે શરીઅતનો હુકમ ★

ઈમામ અહમદની બીજી રિવાયતમાં છે કે બેનમાઝી જેણે સુસ્તી અને ગફલતના કારણે નમાઝ ન પઢી તો તુરત જ તેને કતલ કરવો વાજિબ નથી ત્યાં સુધી કે ત્રણ નમાઝો તર્ક ન કરે અને ચોથી નમાઝનો સમય પણ તંગ ન કરી દે. આવા શખ્સને શરીઅતના હુકમ મુજબ કોઈ શાદીશુદા શખ્સ ઝિના કરે તો તેને જે પ્રમાણે કતલ કરવામાં આવે છે એ રીતે કતલ કરવામાં આવશે પરંતુ તેનો માલ તેના વારસદારોમાં વહેંચી દેવામાં આવશે. (ગુન્યતુત્તાલિબીન, પેજ–૫૧૫)





## ★ નમાઝ પઢવામાં સુસ્તી કરવાથી આવતી મુસીબતો ★

વહાલા ઈસ્લામી ભાઈઓ ! કઝા નમાઝ કરનાર અને લગાતાર નમાઝ ન પઢે તેને શું અઝાબ મળશે તેનું બયાન ઉપર થયું. હવે જુઓ કે નમાઝ છોડવાથી કઈ કઈ મુસીબતો આવે છે અને નમાઝમાં સુસ્તી કરવાથી અને તેને સમય પર ન પઢવાથી કઈ આફતો આવે છે.

કુર્આનનું ફર્માન છે :–

فَوَيْلٌ لِّلْمُصَلِّيْنَ الَّذِيْنَ هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ

**(અર્થ)** : તે નમાઝીઓની ખરાબી છે જેઓ પોતાની નમાઝને ભૂલી બેઠા છે. *(સૂરહ માઉન)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું : અલ્લાહ عزوجل ની કસમ ! નમાઝીઓની ખરાબીનું કારણ એ છે કે તેમણે પોતાની નમાઝોને નમાઝના સમયો વીતી ગયા બાદ પઢી. એનો અર્થ નમાઝ છોડી દેવું નથી. હઝરત સઅદ رضی اللہ عنہ એ ફર્માવ્યું : મેં હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફર્માવ્યું : هُمْ عَنْ صَلَاتِهِمْ سَاهُوْنَ નો અર્થ પૂછયો. તો હુઝૂરે ફર્માવ્યું : તે સમય પસાર થવા દઈને મોડું કરીને નમાઝ પઢે છે. *(ગુન્યા, પેજ–૫૧૩)*

હઝરત હારિષ رضی اللہ عنہ એ હઝરત અલી બિન અબી તાલિબનો કૌલ નકલ કરતાં કહ્યું કે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જે શખ્સ નમાઝને હલકી (હકીર) સમજશે તો તેને અલ્લાહ તઆલા પંદર (૧૫) સજાઓ આપશે, તેમાંથી છ પ્રકારના અઝાબ પહેલાં એટલે કે દુનિયામાં, ત્રણ અઝાબ મૌત સમયે, ત્રણ અઝાબ કબ્રમાં અને ત્રણ કબ્રથી નીકળતી વખતે.

એક રિવાયતમાં છે કે જે નમાઝમાં સુસ્તી કરે છે તે કયામતમાં એવી રીતે આવશે કે એના મોઢા પર ત્રણ લીટીઓ લખેલી હશે, પહેલી હશે : હે અલ્લાહના હક્કને બરબાદ કરવાવાળા ! બીજી લીટી : ઐ અલ્લાહની નારાઝગી માટે ખાસ ! અને ત્રીજી લીટીમાં લખેલ હશે, જેવી

રીતે તેં દુનિયામાં અલ્લાહના હુકૂકને બરબાદ કર્યા એ જ રીતે આજે તુ અલ્લાહની કોઈ આશા ન રાખ.

## ★ દુનિયાની મુસીબતો ★

**(૧)** તેની ઉંમરમાંથી બરકત ઉઠાવી લેવામાં આવે છે. **(૨)** તેના કોઈ પણ અમલનો અલ્લાહ તઆલા બદલો નહીં આપે. **(૩)** તેની દુઆ આસમાન તરફ ઊંચે જતી નથી. **(૪)** ગાફેલ નમાઝીનું નેક લોકોની યાદીમાંથી નામ કાઢી નાંખવામાં આવે છે. (૫) તેની રોજીમાંથી બરકત ઉઠાવી લેવામાં આવે છે. **(૬)** તેને નેક લોકોની દુઆઓથી મેહરૂમ (બાકાત) રાખવામાં આવે છે.

## ★ મૌતના સમયની મુસીબતો ★

**(૧)** તે ઝલીલ થઈને મરશે. **(૨)** ભૂખો મરશે. **(૩)** તરસ્યો મરશે એવો કે જો તેને દુનિયાના બધા મહાસાગરોનું પાણી પીવડાવી દેવામાં આવે તો પણ તેની તરસ નહીં મટે.

## ★ કબ્રના અઝાબ ★

**(૧)** કબર એના પર સાંકડી થઈ જશે એટલે સુધી કે તેની પાંસળીઓ એક બીજામાં પેસી જશે. **(૨)** તેની કબ્રમાં આગ સળગાવવામાં આવશે. **(૩)** તેની કબ્રમાં એક અજગર હાજર કરવામાં આવશે તેનું નામ શુજાઅ એટલે કે ગંજો હશે. તેની આંખો આગની હશે, તેના નખ લોખંડના હશે જેની લંબાઈ એક દિવસના સફર બરાબર હશે. તે તેજ કડકડાતી વીજળી જેવા અવાજમાં મુરદાથી વાત કરશે અને કહેશે : હું ગંજો અજગર છું ! મારા રબ عزوجل એ હુકમ કર્યો છે કે હું તને નમાઝ છોડી દેવાને લીધે સવારથી સાંજ સુધી ડંસતો રહું, ફજર છોડવાને કારણે સવારની નમાઝથી ઝહોર સુધી, નમાઝે ઝહોર છોડવાને કારણે ઝોહરથી અસરના સમય સુધી ડંખ મારતો રહીશ. આ જ રીતે બધી નમાઝો છોડવાથી સાંપ ડંસતો રહેશે.





## ★ કયામતની મુસીબતો ★

અને હવે કયામતના દિવસે કબ્રથી નીકળ્યા પછી જે મુસીબતો ઉઠાવવી પડશે તે આ પ્રમાણે છે :–

**(૧)** સખ્ત હિસાબ **(૨)** અલ્લાહ તઆલાની નારાઝગી **(૩)** અને જહન્નમમાં દાખલ કરવામાં આવશે. *(મુકાશિફતુલ્ કુલૂબ, પેજ–૩૯૨, ૩૯૩ અને ગુન્યતુત્તાલિબીન, પેજ–૫૧૩)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આ જ પ્રમાણેની ઘણી વાતો છે જે નમાઝમાં સુસ્તી કરવાવાળાઓ માટે છે. હવે આગળ તેમના વિશે જુઓ જેઓ નમાઝને સમય પસાર થઈ ગયા પછી પઢે છે.

## ★ સમય પસાર થઈ ગયા બાદ નમાઝ પઢવાનો અઝાબ ★

જેઓ નમાઝનો સમય પસાર થયા બાદ નમાઝ પઢે છે તેમના માટે દર્દનાક અઝાબ છે. જેમ કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરવી છે કે કયામતના દિવસે એક શખ્સને અલ્લાહ તઆલાની બારગાહમાં ઉભો કરવામાં આવશે અને અલ્લાહ તેને જહન્નમમાં જવાનો હુકમ આપશે. તે કહેશે, યા અલ્લાહ ! મને કેમ જહન્નમમાં મોકલવામાં આવે છે ? અલ્લાહ તઆલા ફર્માવશે : નમાઝોને તેનો સમય પસાર થયા પછી પઢવાને કારણે અને મારા નામની જૂઠી કસમો ખાવાને લીધે ! બીજા ઘણા સહાબાએ કિરામથી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક દિવસ સહાબાએ કિરામથી ફર્માવ્યું : તમે લોકો આ પ્રમાણે દુઆ માંગ્યા કરો : અમારામાંથી કોઈને પણ શક્ક (બદ્બખ્ત) અને મહરૂમ (ખાલી) ન બનાવ. પછી ફર્માવ્યું : જાણો છો બદ્બખ્ત અને મહરૂમ કોણ હોય છે ? અર્ઝ કરવામાં આવ્યું, કોણ હોય છે યા રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ?! આપે ઈર્શાદ ફર્માવ્યો : કયામતના દિવસે સૌથી પહેલાં નમાઝ તર્ક કરવાવાળાનું મોઢુ કાળુ કરવામાં આવશે. જહન્નમમાં એક વાદી છે જેને "લમલમ" કહેવામાં આવે છે તેમાં સાપ રહે છે. દરેક સાપ ઊંટ જેવો મોટો

હોય છે અને તેની લંબાઈ એક મહિનાની મુસાફરીના અંતર જેટલી હોય છે તે બેનમાઝીને કરડશે અને તેનું ઝહેર સિત્તેર (૭૦) વર્ષ સુધી બેનમાઝીના શરીરમાં જોશ મારતું રહેશે પછી તેનો ગોશ્ત ઓગળી જશે. *(મુકાશિફતુલ્ કુલૂબ, પેજ–૩૯૩)*

## ★ જાણી જોઈને નમાઝ છોડવાવાળો ઝિના કરવાવાળાથી પણ બુરો છે ! ★

એક રિવાયત છે કે બની ઈસરાઈલની એક ઔરત હઝરત મૂસા عليه السلام ની ખિદમતમાં હાજર થઈ અને વિનંતિ કરી, હે અલ્લાહ નબી ! મેં ઘણો મોટો ગુનોહ કર્યો છે અને તૌબા પણ કરી છે અલ્લાહ عزوجل થી દુઆ કરો કે મારો ગુનોહ બખ્શી દે અને મારી તૌબા કબૂલ ફર્માવે. હઝરત મૂસા عليه السلام એ પૂછયું, તે કયો ગુનોહ કર્યો છે ? તેણે કહ્યું : મેં ઝિના કર્યો અને જે બચ્ચુ પૈદા થયું તેને મેં કતલ કરી નાંખ્યું. આ સાંભળીને મૂસા عليه السلام બોલ્યા : અય બુરી ઔરત ! અહીંથી તું ચાલી જા ! તારી બુરાઈને લીધે આસમાનથી આગ ઉતરીને અમને સળગાવી ન દે ! આ સાંભળીને તે ઔરત ત્યાંથી જતી રહી. ત્યાર પછી મૂસા عليه السلام ની બારગાહમાં હઝરત જિબ્રઈલ عليه السلام હાજર થયા અને કહ્યું : હે મૂસા عليه السلام ! અલ્લાહ તઆલા ફર્માવે છે કે તમે ગુનાહથી તૌબા કરનાર ઔરતને કેમ કાઢી મૂકી ? શું તમે એનાથી પણ બુરો ગુનોહ કરનાર માણસને જોયો છે ? મૂસા عليه السلام એ પૂછયું : હે જિબ્રઈલ આ ઔરતથી બુરો કોણ છે ? જિબ્રઈલ عليه السلام બોલ્યા : એનાથી પણ બદ્તર (બુરો) તે છે કે જે જાણી જોઈને નમાઝ છોડી દે. *(મુકાશિફતુલ્ કુલૂબ–૩૯૪ તથા બહારે શરીઅત)*

## ★ નમાઝ પઢવામાં સુસ્તી કરનાર પર કબ્રમાં અઝાબ ★

કેટલાક સાલિહીનથી બયાન છે કે એક માણસે પોતાની મુર્દા બહેનને દફનાવી. દફનાવતી વખતે અજાણમાં કબરમાં તેની થેલી રહી ગઈ.





જ્યારે બધા લોકો દફનાવી ચાલ્યા ગયા તો તેને પોતાની થેલી યાદ આવી. આ કારણે તે માણસ લોકોના ચાલ્યા ગયા પછી બહેનની કબ્ર પાસે પહોંચ્યો અને કબર ખોલવાનું શરૂ કર્યું કે જેથી થેલી કાઢી લે. કબર ખોલતાં તેણે જોયું કે કબરમાં આગના શોલા ભડકી રહ્યા છે ! આ જોઈ તેણે કબર પર માટી નાખી બંધ કરી અને ગમગીન થઈને રડતો રડતો પોતાની માં પાસે આવ્યો અને પૂછયું : માં ! એ બતાવ કે મારી બહેન શું કરતી હતી ? માંએ કહ્યું : તું આવું કેમ પૂછી રહ્યો છે ? તે બોલ્યો : મેં મારી બહેનની કબ્રમાં આગના ભડકા જોયા છે. તેની માં પણ રડવા લાગી અને કહ્યું, તારી બહેન નમાઝ પઢવામાં સુસ્તી કરતી હતી અને નમાઝોને તેના સમયો પસાર થવા દઈને પઢતી હતી. *(મુકાશિફતુલ્ કુલૂબ, પેજ–૩૯૪, ૩૯૫)*

અલ્લાહ ! અલ્લાહ ! આ તો તે લોકોનો હાલ છે જેઓ નમાઝોને તેના સમયો પસાર કરીને પઢતા હતા પણ તે લોકોનો શું હાલ થશે જેઓ બિલ્કુલ નમાઝો પઢતા જ નથી.

## ★ બેનમાઝીના કારણે દુકાળ ★

એક બુઝુર્ગ સફર દરમ્યાન દરિયાના કિનારે પહોંચ્યા તો એ જોઈને ઘણા જ આશ્ચર્યમાં પડી ગયા કે દરિયાની માછલીઓ એકબીજીને ખાઈ રહી છે. તેમણે મનમાં એ વિચાર્યું કે દરિયામાં દુકાળ પડયો છે. હજુ આ વિચારમાં જ હતા કે ગયબથી અવાજ આવ્યો કે આ દુકાળ નથી પણ તેનું કારણ આ મુજબ છે કે આ જગ્યાએથી એક બેનમાઝી પસાર થયો, તેને તરસ લાગી અને દરિયાનું પાણી પીવાનું શરૂ કર્યું. પાણી ખારું હતું આથી તેણે મોઢામાં ભરેલ પાણી પાછું દરિયામાં કાઢી નાંખ્યું. તો એ બેનમાઝીના એંઠા (જૂઠા) પાણીની નહૂસતના કારણે દુકાળ પડયો. *(બહવાલા નુઝહતુલ્ મજાલિસ, બહારે ઈસ્લામ, હિસ્સા અવ્વલ, પેજ–૬૧)*

## ★ બેનમાઝીને કયામતના દિવસની મુસીબતો ★

કયામતના દિવસે બેનમાઝીઓને ઘણી મુસીબતો પડશે તેના વિશે

કુર્આનમાં ફર્માવ્યું છે :–

وَإِذَا قِيلَ لَهُمُ ارْكَعُوا لَا يَرْكَعُونَ ۝ وَيْلٌ يَّوْمَئِذٍ لِّلْمُكَذِّبِينَ

અને જ્યારે તેમને કહેવામાં આવે કે, નમાઝ પઢો તો પઢતા નથી, તે દિવસે જૂઠાડનારાઓની ખરાબી. *(કન્ઝુલ ઈમાન, સૂરએ મુરસલાત, પારા–૨૯)*

બીજી એક જગ્યાએ કુર્આન મજીદમાં ફર્માવ્યું :–

وَأَقِيمُوا الصَّلٰوةَ وَلَا تَكُونُوا مِنَ الْمُشْرِكِينَ ۝

અને નમાઝ કાયમ રાખો અને મુશરિકોમાંથી ન બનો. (સૂરએ રૂમ, પારા–૨૧)

કયામતના દિવસે નમાઝ ન પઢનારે ઝિલ્લત અને રુસ્વાઈનો સામનો કરવો પડશે.

સૂરએ કલમમાં નમાઝના વિશે ઈર્શાદ ફર્માવ્યો :–

يَوْمَ يُكْشَفُ عَنْ سَاقٍ وَّيُدْعَوْنَ إِلَى السُّجُودِ فَلَا يَسْتَطِيعُونَ ۝
خَاشِعَةً أَبْصَارُهُمْ تَرْهَقُهُمْ ذِلَّةٌ ۖ وَقَدْ كَانُوا يُدْعَوْنَ إِلَى السُّجُودِ وَهُمْ سَالِمُونَ ۝

**(અર્થ)** : જે દિવસે એક સાક (એનો અર્થ અલ્લાહ જ જાણે છે) ખોલવામાં આવશે અને સિજદા માટે બોલવામાં આવશે તો કરી શકશે નહીં નીચી દ્રષ્ટિ કરેલા, તેમની ઉપર ફજેતી છવાતી હશે. અને બેશક ! દુનિયામાં સિજદા માટે બોલવવામાં આવતા હતા જ્યારે કે તંદુરસ્ત હતા. *(સૂરએ કલમ,પારા–૨૯, આયત–૪૨, ૪૩)*

ઉપરની આયતનો સાદો અર્થ એ છે કે કયામતના દિવસે ઘણો જ કઠિન સમય હશે અને રબ્બુલ ઈજ્જતની ખાસ તજલ્લી (સાક) જાહેર થશે અને લોકોને સિજદામાં જવાનું કહેવામાં આવશે, ત્યારે અલ્લાહના એ બંદાઓ જે દુનિયામાં નમાઝ પઢતા હતા તે જલ્દીથી સિજદામાં





ચાલ્યા જશે. પરંતુ જે લોકો દુનિયામાં બધી જ હિંમત અને તાકાત ધરાવતા હતા છતાં નમાઝ પઢતા ન હતા અને નમાઝ માટે પુકારવાવાળાનો અવાજ સાંભળતા હતા છતાં નમાઝ પઢતા ન હતા તે લોકો બહુ જ પ્રયત્ન કરશે કે પોતે સિજદો કરે પણ એ સમયે તેમની કમર તખ્તા (લાકડા) જેવી કરી આપવામાં આવશે અને સિજદો નહીં કરી શકે. તે વખતે એ લોકો પર ઝિલ્લત અને રુસ્વાઈ (શર્મિંદગી)નો અઝાબ છવાઈ જશે અને એ લોકોની નજર જમીન પર લાગેલી હશે. *(અહ્યાઉલ્ ઉલૂમ, ભાગ–૨, પેજ–૧૦૬)*

## ★ વિના કારણે નમાઝ છોડનાર મિલ્લતે ઈસ્લામીથી બહાર ! ★

હઝરત ઉબાદા ઈબ્ને સામિત رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને બે વાતોની વસિયત કરી જેમાંથી પહેલી આ છે : અલ્લાહ તઆલા સાથે કદી શિર્ક ન કરો ચાહે તમારા ટુકડે ટુકડા કરી નાંખવામાં આવે કે આગમાં તમને શેકી નાખવામાં આવે, અને ખબરદાર કદી પણ જાણી જોઈને (વગર કારણે) નમાઝ ન છોડો કારણ કે જેણે જોઈને નમાઝ છોડી તો તે મિલ્લતે ઈસ્લામિયાથી બહાર છે. *(તિબ્રાની)*

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ નો પોતાના હાકિમોના નામે આદેશ ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ પોતાના ઈસ્લામી પ્રદેશોના હાકિમોને ફર્માન મોકલ્યું કે, **(અર્થ)** : તમારા કાર્યોમાં સૌથી વધુ મહત્વનું કામ મારી નઝદીક નમાઝ છે, જેણે નમાઝની હિફાઝત કરી તેણે પોતાના દીનનું સંપૂર્ણ રક્ષણ કર્યુ અને જેણે નમાઝને ન સાચવી અને બરબાદ કરી તો તે દીનનાં બીજાં કાર્યોને સૌથી વધુ બરબાદ કરવાવાળો છે. (અહ્યાઉલ્ ઉલૂમ, ભાગ–૨, પેજ–૧૦૬, બહારે શરીઅત, પેજ–૧૦)

## ★ નમાઝ છોડવાનાં બુરાં પરિણામ ★

હવે આવો ! આપણે જોઈએ કે નમાઝને છોડવાથી કયાં પરિણામો આવે છે. આ સંબંધે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે કે જે શખ્સ જાણી જોઈને નમાઝ છોડે અલ્લાહ તઆલા તેને ત્રણ આફતોમાં મુબતલા કરશે : તેમાં પહેલી એ છે કે તેના ચહેરાનું નૂર (રોશની) જતુ રહેશે. બીજી એ છે કે મરતી વખતે તેની જીભ પકડાશે (તોતડાશે), ત્રીજી એ કે તે દુનિયામાંથી એવી રીતે જશે કે એની પાસે ન તો ઈમાન હશે અને ન તૌહીદની ગવાહી ! જે શખ્સ ફજરની નમાઝ પઢશે તો તેની રોજીમાં બરકત આવશે. ઝોહરની નમાઝ છોડશે તો તેના દિલમાંથી નૂર જતું રહેશે. અસરની નમાઝ નહીં પઢે તો તેના ખાવામાંથી લિજ્જત જતી રહેશે. ઈશાની નમાઝ નહીં પઢે તો તે દીન અને દુનિયામાં મો'મિન નહીં રહે. **જેણે એક સમયની નમાઝ છોડી તો તેણે પોતાને છૂરી વગર ઝબહ કર્યો !** જેણે બે સમયની નમાઝો તર્ક કરી તો તે રહમતે ખુદાવંદીથી દૂર થઈ ગયો. જેણે ત્રણ સમયની નમાઝો છોડી તો તેણે જાણે આસમાની કિતાબોનો ઈન્કાર કર્યો, જેણે ચાર સમયની નમાઝો છોડી તો તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહને તકલીફ પહોંચાડી, અને જેણે પાંચે નમાઝો તર્ક કરી તેના માટે આસમાનથી નિદા (અવાજ) આવે છે કે તું મારાથી બેઝાર (બેપરવા) છે ને હું તારાથી બેઝાર છું ! અમારી જમીન અને આસમાનથી નીકળી જા ! અંતે તે તૌબા કર્યા વિના મરી જશે ! તેનું મૌત આવી જશે.

## ★ નમાઝથી રોકવાવાળો જહન્નમમાં જશે ★

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! કોઈને પણ નમાઝથી અટકાવવો ખૂબ મોટો ગુનોહ છે. કેમ કે જેઓ અલ્લાહના કાર્યોમાં અડચણ લાવે છે તે અલ્લાહના નઝદીક બુરો છે. એટલે કે તેનું આવું કામ શૈતાનના અમલ બરાબર છે અને શૈતાન જ સારા કામોમાં દખલ કરે છે કારણ કે તે અલ્લાહની ઈબાદતનો હમેશાંથી દુશ્મન છે અને નમાઝની પાબંદી ઈબાદતે ઈલાહીની સારી સૂરત છે. આવા લોકોને સખ્ત અઝાબ આપવામાં આવશે કારણ કે





નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم થી રિવાયત છે કે બેશક ! રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ખન્દકના દિવસોમાં કાફિરોએ અમોને વચ્ચેની નમાઝ જે અસરની નમાઝ છે તે પઢવાથી રોકી રાખ્યા, અલ્લાહ તેમનાં ઘરો અને કબરોને આગથી ભરી દે ! *(મુસ્લિમ)*

## ★ નમાઝ છોડવાવાળાની જવાબદારી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પર નથી ★

હઝરત અબૂ દરદહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : અલ્લાહ તઆલા સાથે કોઈને પણ શરીક ન કરો ભલે પછી તમને કતલ કરી દેવામાં આવે અને સળગાવી દેવામાં આવે, અને ફર્ઝ નમાઝોને જાણી જોઈને તર્ક ન કરો અને જેણે જાણી જોઈને તર્ક કરી નિઃશંક ! હું તેની જવાબદારીથી અલગ થઈ ગયો, અને શરાબ ન પીઓ કેમ કે તે બધી જ બુરાઈઓની ચાવી છે.

## ★ નમાઝને છોડવી કુફ્ર છે ! ★

નમાઝને છોડવી કુફ્ર છે તે બાબતનો ઉલ્લેખ પાછળની ઈબારતોમાં આવી ગયો પરંતુ વધુ જાણકારી માટે થોડી વાત વધુ વાંચો. શૈખ મુહદ્દિષ વલીયુદ્દીન મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ખતીબ તબરેઝી મિશ્કાત શરીફ કિતાબુસ્સલાત, પેજ–૫૮ પર દર્શાવે છે, હઝરત બુરીદહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, એ અહદ (વાયદો) જે આપણા અને મુનાફિકોની વચ્ચે છે તે નમાઝ છે જેણે તેને છોડી તેણે કુફ્ર કર્યું.

અલ્લામા હઝરત મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ એ પોતાની કિતાબ અહયાઉલ ઉલૂમ, ભાગ–૨, પાન–૧૦૬ અસ્રારુસ્સલાત પર આ હદીષનો યોગ્ય અર્થ બતાવતાં લખ્યું છે કે "કુફ્ર કર્યું" એટલે કે ઈમાન નીકળી જવાની નઝદીક થઈ ગયો ! બંધન ખુલી જવાના કારણે અને વિ□ાસ ખતમ થઈ જવાને લીધે. જેમ કે એમ કહેવામાં આવે કે કોઈ શહેરની નજીક

પહોંચી જાય છે કે તે પહોંચી ગયો અને દાખલ થઈ ગયો.

## ★ જમાઅત છોડવાનું પરિણામ ★

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! સૌ પ્રથમ મેં જમાઅત છોડવાનો મતલબ રજુ કર્યો છે પછી આ વિષયનાં કથનો રજુ કરીશ.

જમાઅત છોડવાનો અર્થ એ છે કે કોઈ શરઈ કારણ વગર જાણી જોઈને જમાઅતમાં હાજર ન થવું. મઝહબ સહીહ ભરોસાવાળા પર એક વખત પણ આવું કરનાર ગુનેહગાર છે વાજિબને છોડવાવાળો અને અઝાબનો હક્કદાર થયો. (અલ્લાહ عزوجل ની પનાહ !) જમાઅત છોડવાનો આદી થઈને વારંવાર હાજર નથી થતો અને કોઈ કોઈ વખત જમાઅતમાં હાજર થાય તો નિઃશંક ! તે ફાસિક–ફાજિર મરદુદુશ્શહાદત (જેની ગવાહી નકારવામાં આવે તે) છે. કારણ કે નાનો ગુનોહ વારંવાર કરવાથી તે મોટો થઈ જાય છે. દુર્રે મુખ્તારમાં છે, **(અર્થ)** : જમાઅત મર્દ માટે સુન્નતે મોઅક્કદા છે. ઝાહિદીએ કહ્યું કે અહીંયા તાકીદનો અર્થ જરૂરી છે. અમુકે કહ્યું કે જમાઅત વાજિબ છે. આ મુજબનો કેટલાક ઉલમાનો મત છે. એટલે કે આપણા બધા જ ઉલમાનો મત આ જ છે આની ઉપર તોહફા વગેરેમાં સમર્થન કર્યું છે. બહરમાં છે એહલે મઝહબના નઝદીક આ જ માન્ય છે, જમાઅત સુન્નત હોય અથવા વાજિબ.

રદુલ મુહતારમાં છે **(અર્થ)** : કહ્યું બહરમાં છે અને કહ્યું નહરમાં છે કે આ જ દરમિયાની અને મજબૂત કોલ છે એટલા માટે જ અજનાસમાં છે કે જ્યારે કોઈએ સુસ્તી અને હલકી સમજીને જમાઅત છોડી તો તેની ગવાહી કબૂલ નહીં થાય. પરંતુ ભૂલથી છૂટી જાય અથવા તાવીલન જેમ કે ઈમામનું અહલે હવા (એટલે નફ્સની પેરવી કરવાવાળા)માંથી હોવું અથવા મુક્તદીના મઝહબની રિઆયત કરવાવાળો ન હોય તો પછી તેની ગવાહી કબૂલ થશે. *(માખુઝ અઝ ફતાવા રઝવિય્યહ, ભાગ–૭, પેજ : ૧૩૧, ૧૩૨)*





## ★ અઝાન સાંભળીને જમાઅત માટે હાજર થવા વિશે ★

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અઝાન સાંભળીને હાજર થવાને વાજિબ ફર્માવ્યું અને આ રિવાયત હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, હઝરત અબૂ હુરૈરહ, હઝરત બુરૈદહ, હઝરત કઅબ ઈબ્ને હજરહ, હઝરત અનસ ઈબ્ને માલિક, હઝરત ઉસ્માનગની, હઝરત અમ્ર ઈબ્ને ઉમ્મે કુલ્સૂમ અને જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી છે. નીચેની હદીષોના આધારે જાણી શકે છે કે અઝાન કઈ જમાઅતના માટે છે ? એને શરીઅતમાં કેમ વાજિબ ફર્માવ્યું : હઝરત મઆઝ ઈબ્ને અનસથી રિવાયત છે કે અઝાન સાંભળીને હાજર ન થવા પર ઝુલ્મ, કુફ્ર તથા નિફાકનો હુકમ ફર્માવવામાં આવ્યો છે. તિબ્રાનીમાં બયાન છે કે હુઝૂર તાજદારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : મો'મિનની આ બદબખ્તી અને નામુરાદી છે કે મોઅઝ્ઝીનને તકબીર કહેતો સાંભળે અને નમાઝ માટે હાજર ન થાય. *(ફતાવા રઝવિય્યહ, પેજ–૧૦૨, ભાગ–૭)*

બીજી વધુ હદીષો હઝરત અબૂ કતાદહ, હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ, હઝરત ઉમ્મુલ મો'મિનીન, હઝરત અબૂ હુરૈરહ, હઝરત ફારૂકે આ'ઝમ, હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા હઝરત અબૂ સઈદ ખુદરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી સાબિત છે કે તે વાજિબ એ સમયે છે કે અઝાન અને ઈકામત વચ્ચે લાંબો સમય હોય. અને મુજતબામાં છે કે અઝાન સાંભળીને તકબીરની રાહ જોઈને બેસી રહે તે બદ્કાર અને મરદૂદ શહાદત છે. (ઉપરોક્ત ઈબારતનો મતલબ એ એ છે કે જો અઝાન અને તકબીર વચ્ચે સમય હોત તો તકબીર સાંભળીને આવવું વાજિબ છે અને જો અઝાન અને ઈકામત વચ્ચે ટૂંકો સમય હોય તો અઝાન સાંભળીને આવવું વાજિબ છે. *–અનુવાદક)*

બહરુર્રાઈક બાબુલ ઈમામતમાં છે કે : ગુનિયામાં છે જો અઝાન સાંભળીને મસ્જિદમાં દાખલ થવા માટે ઈકામતનો ઈન્તેજાર કર્યો તો તે ગુનેહગાર થશે. તેમાં જ આગળ છે :– મુજતબાની કિતાબુશ્શહાદતથી છે :

જે માણસ અઝાન સાંભળીને ઘરમાં ઈકામતની રાહ જોતો રહ્યો એની ગવાહી કબૂલ નથી. મતલબ કે હદીષથી સાબિત છે કે જે તકબીર સાંભળીને જમાઅત માટે હાજર ન થાય તેને બદ્‌બખ્ત, નામુરાદ, જાલિમ અને મુનાફિક કહેવામાં આવ્યો છે.

## ★ જમાઅતમાં સામેલ ન થનાર પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુસ્સો ★

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : કસમ છે એ ઝાતની જેના કબ્ઝએ કુદરતમાં મારી જાન છે ! નિઃશંક ! હું ઈરાદો રાખું છું કે (અમુક લોકોને) હુકમ કરું લાકડાં ભેગાં કરવાનો જ્યારે તે ભેગાં થઈ જાય, પછી એક વ્યક્તિને હુકમ કરું નમાઝનો તે લોકોની ઈમામત કરાવે. પછી હું પોતે જ લોકોનાં ઘરોની પાછળથી આવું. અને એક રિવાયતમાં છે કે જે નમાઝોમાં હાજર નથી થતા એ લોકોના ઘરોને સળગાવી દઉં. *(મિશ્કાત શરીફ)*

બીજી એક હદીષમાં આ પણ છે :– હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મરવી છે કે નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઈર્શાદે ગિરામી છે કે :– જો ઘરોમાં ઔરતો અને નાનાં છોકરાંઓ ન હોત તો હું ઈશાની નમાઝની ઈકામતનો હુકમ દેતો (અને જમાઅત કરાવત) અને નવયુવાનોને હુકમ આપત કે લોકોનાં ઘરોને સળગાવી દે (જે જમાઅતમાં સામેલ નથી થતા. *–અનુવાદક) (રવાહ અહમદ મિશ્કાત બાબુલ જમાઅત)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુસ્સો એ લોકો પર છે જે કોઈ ઉઝર વગર જમાઅત છોડે છે. કોઈ પણ ઉઝર વગર (વિના કારણે) જમાઅત છોડવાવાળા પર વઈદ (સઝા) છે ફક્ત જેઓ જમાઅત છોડે છે તેમના માટે આ ગુસ્સો છે. જેઓ નમાઝ જ પઢતા નથી તેમના માટે નથી. પ્યારા ઈસ્લામી ભાઈઓ ! આ બાબતને સમજો કે જેઓ જમાઅત છોડે છે તેમના માટે આ ગુસ્સો છે તો જેઓ નમાઝ જ નથી પઢતા તેમના માટે કેવો ગુસ્સો હશે ? આ સાથે એ વાત પણ ધ્યાનમાં રાખો કે આ ગુસ્સો એ જાતે ગિરામી





વકારનો છે જે રહ્‌મતુલલિલ આલમીન છે, સરાપા રહમતો શફક્ત છે બલ્કે જાને રહમત છે, આપ ન હોત તો રહમતનો ઝહૂર ન હોત. મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત ફર્માવે છે :–

**મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ**
**શમ્એ બઝમે હિદાયત પે લાખોં સલામ**

કુફ્ફારે મક્કાના ઝુલ્મોસિતમ હોવા છતાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ અર્ઝ કરી, હે અલ્લાહ ! عزوجل મારી કૌમને હિદાયત આપ, બેશક ! તે મને નથી ઓળખતી. ઓહદની લડાઈમાં આપણા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ઝખ્મી થયા છતાં ફર્માવે છે : હે અલ્લાહ ! عزوجل મારી કૌમને માફ કરી દે તે લોકો અભણ છે અને મારી હાલતને નથી ઓળખતા. ખૂદ કુર્આન મજીદ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રહમતનું બયાન કરે છે : وَمَاۤ اَرۡسَلۡنٰكَ اِلَّا رَحۡمَةً لِّلۡعٰلَمِيۡنَ અને અમે તમને સમગ્ર જગત માટે રહમત (બનાવીને) મોકલ્યા છે. *(પારા–૧૭, આયત–૧૦૭, સૂરએ અંબિયા)*

પ્યારા ઈસ્લામી ભાઈઓ ! તમે વિચારો કે હુઝૂર અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم રહ્‌મતુલ્‌લિલ્ આલમીન હોવા છતાં જમાઅતને છોડવાવાળા પર ગુસ્સો ફર્માવી રહ્યા છે ! તો જેઓ નમાઝ જ નથી પઢતા એ લોકો પર ગુસ્સાનો આલમ કેવો હશે ? અલઅયાઝુ બિલ્લાહ ! આ જ પ્રમાણે અન્ય જગ્યાઓ પર મશ્હૂર તાવીલોની સાથે અને આના પર મુસનદે અહમદ તથા તિબ્રાનીએ અલ મોઅજમુલ કબીરમાં હઝરત મઆઝ ઈબ્ને અનસ رضی اللہ عنہ ના સમર્થનથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષનો સનદ સાથે ઝિક્ર કર્યો છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ تعالیٰ عنہما એ જમાઅતથી પાછળ રહેવાવાળાઓના સંબંધે ફર્માવ્યું કે જો તમોએ તમારા નબી علیہ الصلوٰۃ والتسلیم ની સુન્નત છોડી તો કુફ્ર કર્યું. *(માખુઝ ફતાવા રઝવિય્યહ્, પેજ–૮૧)*

વધુમાં ઈશાની જમાઅતમાં હાજર ન થવાવાળાઓના ઘરો સળગાવી દેવાના કથનથી સાબિત થાય છે જે આગળની ઈબારતોમાં પસાર થયું. જેમ કે બુખારી, મુસ્લિમમાં. અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ એ હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી રિવાયત કર્યું અને આ

વિશે હજુ ઘણી હદીષોનું વર્ણન છે. *(માખૂઝ ફતાવા રઝવિયા, પેજ–૧૦૨)*

કેટલીક હદીષોમાં ઈશા, કેટલીકમાં ફજર અને અમુકમાં અબાધિત જમાઅત છે અને બધું જ દુરુસ્ત છે જેમ કે ઉમ્દતુલકારી જે હઝરત બદરૂદ્દીન ઈમામ અયનીની કિતાબ છે જેમાં છે : અહીંયા ઈશાનું જ બયાન છે એટલા માટે એની તખ્સીસ (મુખ્યત્વે) બયાન કર્યું. *(માખૂઝ હાશિયા ફતાવા રઝવિય્યહ્, પેજ–૮૧)*

## ★ જમાઅત છોડવા સંબંધે હઝરાતે સહાબાએ કિરામ અને ફુકહાએ કિરામનાં કથનો ★

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ تعالٰی عنہ ફર્માવે છે : જો તમે જમાઅત છોડવાવાળાઓની જેમ પોતાના ઘરોમાં નમાઝ પઢશો તો ગુમરાહ થઈ જશો.

મોહીત રદીયુદ્દીનમાં છે કે જમાઅત સુન્નતે મોઅક્કેદા છે. જો બધા જ શહેરમાં રહેનારા જમાઅત છોડી દે અને સમજાવવા છતાં ન માને તો એ લોકો પર જેહાદ કરવો યોગ્ય છે કેમ કે જમાઅત ઈસ્લામની નિશાનીઓમાંની એક નિશાની છે.

હઝરત ઈમામ મુહમ્મદ رضی اللہ عنہ ફર્માવે છે કે અઝાન છોડવાવાળાઓ સાથે જેહાદ યોગ્ય છે, જ્યારે કે અઝાન જમાઅત માટે બોલાવવાનો વસીલો છે. આ મુજબનો કડક હુકમ કે જે જમાઅતનો ત્યાગ કરશે કે જે મકસૂદે શરીઅત છે તે કેટલા અંશે બુરુ ગણાશે. ગાયતુલ બયાન અને અજનાસમાં છે કે જમાઅત છોડવાવાળાની ગવાહી કબૂલ નથી અને અમુક ફિકહની કિતાબોમાં વર્ણન છે કે જમાઅતને છોડવાવાળા પર તઅઝીર (શરઈ સજા) જરૂરી છે અને દોસ્તો પર તેની નસીહત કરવી જરૂરી છે એટલે સુધી કે તે ચૂપ રહ્યો તો ગુનેહગાર થશે. *(માખુઝ અઝ તફસીરે સૂરએ અલમનશરહ, પેજ–૩૬, મુસન્નિફ અલ્લામા નકી અલીખાં علیہ رحمۃ الرحمٰن)*

સૈયદના હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ નો કૌલ છે :–



★ નમાઝ છોડવાની ભયાનક્તા ! ★

અમોએ અહદે રિસાલતમાં જોયું કે જમાઅતથી પાછળ ન હટયો પણ મુનાફિક. *(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૭, જ–૨૧૭)*

જમાઅતના છોડવા વિશે સૈયદના આ'લા હઝરત એક સવાલના જવાબમાં ફર્માવે છે : જમાઅતને છોડવા અને મસ્જિદમાં હાજર થવાને છોડવાવાળો ફાસિક છે અને ફાસિકની પેરવી યોગ્ય નથી. *(માખુઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૭, પેજ–૧૦૬)*

અલ્લાહ ! અલ્લાહ ! عزوجل ! પ્યારા ઈસ્લામી ભાઈઓ ! જોઈ લીધું તમે જમાઅત તર્ક કરવાનું પરિણામ ! જાતજાતની પરેશાનીઓ અને મુસીબતો જે આજે મુસલમાનો પર આવે છે તેનું એક કારણ જમાઅત છોડવું પણ છે. જો આજે દુનિયામાં તમામ સુન્ની મુસલમાનો બાજમાઅત નમાઝ પઢવાનું ચાલુ કરી આપે તો આ કાફિરો જે આપણા દુશ્મન છે મુસ્લિમોની જમાઅત જોઈને ધ્રુજવા લાગે. કબ્રો હશ્રની હોલનાકીઓનો સંબંધ પણ જમાઅત છોડવાથી છે. ઉપર દર્શાવેલ હદીષમાં તો નબીએ કરીમ صلی اللہ تعالٰی علیہ وسلم એ કેવા ગુસ્સાનો ઈઝહાર ફર્માવ્યો અને જમાઅત છોડવાવાળાઓનાં ઘરોને સળગાવી દેવાનો ઈરાદો ફર્માવ્યો. વિચાર કરો ! જેના પર અલ્લાહ عزوجل ના પ્યારા હબીબ صلی اللہ تعالٰی علیہ وسلم નારાજ થઈ જાય એની કમનસીબી કેવી કહેવાય. અને જ્યારે કે જમાઅત છોડવા પર આ હાલત છે તો એ લોકો જે જાણી જોઈને વિના ઉઝર નમાઝો છોડે છે અને અલ્લાહ عزوجل ના હુકમથી મોઢું ફેરવે છે તે નાફર્માન બને છે એ લોકોનું તે પરિણામ શું હશે ?!

وَمَا عَلَيۡنَاۤ اِلَّا الۡبَلٰغُ الۡمُبِيۡنُ

*(સંપૂર્ણ)*

## ★ કબ્રના અઝાબનું બયાન ★

**સવાલ :** કબ્રનો અઝાબ કયા લોકો માટે છે ?

**જવાબ :** તમામ **કાફિરો** અને અમુક **ગુનેહગાર** મો'મિનો માટે છે. *(શર્હુસ્સુદૂર, પેજ–૭૬)*

**સવાલ :** શું પછી ગુનેહગાર મો'મિન પરથી અઝાબ ઉઠાવી લેવામાં આવે છે ?

**જવાબ :** અમુક પરથી નથી ઉઠાવવામાં આવતો અને અમુકથી તેમના ગુનાહોના હિસાબે અઝાબ થયા બાદ ઉઠાવી લેવામાં આવે છે અને અમુકને નિયત થયેલ અઝાબ પહેલાં જ કોઈની દુઆ અથવા ઈસાલે સવાબ અથવા સદકાએ જારીઆ વગેરેના કારણે ઉઠાવી લેવામાં આવે છે. અને એક રિવાયતમાં એ પણ છે કે ગુનેહગાર મો'મિન પર કબ્રનો અઝાબ જુમ્આ આવતા સુધી રહે છે, તે આવતાં જ ઉઠાવી લેવામાં આવે છે. (શર્હુસ્સુદૂર, પેજ–૭૬, બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૨૭)

**સવાલ :** તે કયો દિવસ અને કયો મહિનો છે જેમાં મૃત્યુ પામવાથી ગુનેહગાર બંદો કબ્રના અઝાબથી મેહફૂઝ રહે છે ?

**જવાબ :** જુમ્આ અથવા જુમ્આની રાત અથવા રમઝાન શરીફનો મહીનો છે જેમાં કોઈ ઈમાનવાળો મૃત્યુ પામે તો તે નકીરૈનના સવાલો તથા કબ્રના અઝાબથી મેહફૂઝ રહે છે. (શર્હુસ્સુદૂર, પેજ–૬૨, ફતાવા રઝવિય્યહ, ભાગ–૪, પેજ–૧૨૪)

**સવાલ :** તો શું મો'મિન ગુનેહગાર પર જુમ્આ કે જુમ્આની રાત અથવા રમઝાન માસ પસાર થયા બાદ કબ્રનો અઝાબ પાછો આવે છે ?

**જવાબ :** નથીં પાછો આવતો ! અને ન કિયામત સુધી પાછો આવશે ઈન્શાઅલ્લાહ ! અલ્લાહની રહમતથી એ જ ઉમ્મીદ છે. (શર્હે અશ્બાહ વન્નઝાઈર, પેજ–૫૬૫, શર્હુસ્સુદૂર, પેજ–૭૬)

**સવાલ :** શું કોઈ દિવસે કાફિર પરથી પણ કબ્રનો અઝાબ ઉઠાવી લેવામાં આવે છે ?

**જવાબ :** હા ! જુમ્આ તથા જુમ્આની રાત તથા રમઝાન શરીફના મહીનામાં એના પરથી પણ કબ્રનો અઝાબ ઉઠાવી લેવામાં આવે છે, આ સદકો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નો છે. પછી જુમ્આ તથા જુમ્આની રાત તથા રમઝાન મહીનો પસાર થયા પછી ફરીથી અઝાબ તેના પર પાછો ફરે છે. (શર્હે અશ્બાહ વન્નઝાઈર, પેજ–૫૬૪, શર્હુસ્સુદર, પેજ–૭૬)

*–[(હવાલો : મખ્ઝને મઅલૂમાત, પેજ–૧૪૨)*

*અઝ : મુફ્તી મન્ઝૂર આલમ રઝવી પૂરનવી, મકતબે નઈમિયા–દિલ્હી]*

## ★ દોઝખનું બયાન ★

**સવાલ :** દોઝખ શું ચીજ છે ?

**જવાબ :** તે એક એવું મકાન છે જે કહ્હાર તથા જબ્બારના જલાલ તથા કહેરનો મઝહર (જાહેર થવાની) જગા) છે . એને અલ્લાહ તઆલાએ **કાફિરો** તેમજ **નાફર્માન બંદાઓ** માટે બનાવી છે. માણસ તથા પથ્થર તેનું બળતણ છે, દુનિયાની આગ તેની આગના સિત્તેર અંશોમાંનો એક અંશ છે. તેની ઊંડાઈની સ્થિતિ એ છે કે જો પથ્થરની શીલા જહન્નમના કિનારેથી એમાં નાખવામાં આવે તો સિત્તેર વરસમાં પણ તળિયા સુધી ન પહોંચે. (બહારે શરીઅત, ભાગ–૧, પેજ–૪૮)

**સવાલ :** દોઝખ ક્યાં છે ?

**જવાબ :** જમીનના સાતમા તબકાની નીચે છે.

**સવાલ :** દોઝખના તબકા કેટલા છે ?

**જવાબ :** સાત છે : (૧) જહન્નમ (૨) સઈર (૩) હતમા (૪) લઝ્ઝી (૫) સકર (૬) જહીમ (૭) હાવિયા *(ખઝાઈન, પેજ–૩૮૨, દકાઈકુલ્ અખ્બાર, પેજ–૩૫)*

**સવાલ :** કયો તબકો કોના માટે છે ?

**જવાબ :** **હાવિયા** એ મુનાફિકો અને ફિરઔન તથા આ'લે ફિરઔન માટે છે. **જહીમ** એ કાફિરો તથા મુશ્રિકો માટે, **સકર** એ ચાંદ, સૂરજ તથા તારા પૂજકો માટે, **લઝ્ઝી**એ ઈબ્લીસ અને તેની તાબેદારી કરનારાઓ માટે, **હતમા**એ યહૂદીઓ માટે, **સઈર** એ નસારા માટે અને સૌથી ઉપરના તબકામાં જેને **જહન્નમ** કહે છે તેમાં હુઝૂરની ઉમ્મતના ગુનેહગાર લોકો હશે. (દકાઈકુલ અખ્બાર, પેજ–૩૫)

**સવાલ :** દોઝખની આગ કયા સ્વરૂપે હશે ?

**જવાબ :** હદીષ શરીફમાં છે કે એક હજાર વરસ સુધી તે આગ ભડકાવવામાં આવી તો લાલ થઈ ગઈ પછી એક હજાર વરસ સુધી ભડકાવવામાં આવી તો સફેદ થઈ ગઈ પછી એક હજાર વરસ સુધી ભડકાવવામાં આવી તો કાળી થઈ ગઈ. હવે તે તદન કાળી સ્થિતિમાં છે જેમાં પ્રકાશનું નામ નથી. (મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૦૩)

**સવાલ :** શું કયામતના દિવસે જહન્નમ આપોઆપ જાહેર થશે ?

**જવાબ :** ફરિશ્તા એને ઘસેડીને લાવશે. હદીષ શરીફમાં છે કે જહન્નમની સિત્તેર હજાર લગામો હશે દરેક લગામ પર સિત્તેર હજાર ફરિશ્તા જમા થઈને તેને ખેંચશે અને તે ગઝબના જોશમાં હશે. એટલે સુધી કે તેને ફરિશ્તા અર્શની ડાબી બાજુ લાવીને રાખશે. *[(મિશ્કાત શરીફ, ભાગ–૨, પેજ–૫૦૨, ઉમ્દતુલ કારી, ભાગ–૭, પેજ–૨૬૯,) હવાલો : મખ્ઝને મઅલૂમાત, પેજ–૧૪૮]*